

# મૂર્તિ




સપ્ટેમ્બર - ૨૦૨૩, વર્ષ : ૨૦ અંક : ૯ વાર્ષિક : ૧૫૦/-



## અધિક માસ શિબિર







શિબિર યાત્રા : રામપર ગંગાજી






સત્સંગ સભા : હળવદ
(તા. ૨૦-૮-૨૦૨૩)

પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા,
તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427


અધિક માસ શિબિર
રામપર ગંગાજી
મેરાઈવાડી, રામપર
સદાબાનું ઘર, કેરા ગઢ
સત્સંગ સભા : હળવદ (તા. ૨૦-૮-૨૦૨૩)

RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ



સપ્ટેમ્બર : ૨૦૨૩

વર્ષ : ૨૦

અંક : ૯


**દિવ્ય પ્રેરણા**

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



**તંત્રી**

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

**પ્રકાશક**

શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર
બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

**પ્રકાશન તારીખ**

દર માસની ૧૧ તારીખે

**પ્રિન્ટીંગ**

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com






| અનુક્રમ | પેજ |
|---|---|
| સહજ અમૃત | ૪ |
| અબજ અમૃત | ૫ |
| જ્ઞાનામૃત | ૬ |
| દિવ્યામૃત | ૮ |
| વિશિષ્ટાદ્વૈત | ૧૦ |
| અ.મુ. જાદવજીબાપાના સંભારણા | ૧૧ |
| આધ્યાત્મિકજ્ઞાન | ૧૨ |
| બાપાશ્રી નારાયણમામાની નજરે | ૧૪ |
| આત્મોધ્ધારક ઉપનિષદો | ૧૫ |
| મહારાજ-મુક્ત વચ્ચે ભેદ | ૧૬ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૮ |
| કેળવણી | ૨૦ |



# સહજ અમૃત

★ ગૃહસ્થાશ્રમી ભક્ત દેહે કરીને ધન-સ્ત્રીનો પ્રસંગ રાખે છે પણ અંતરથી નિર્વાસનીક હોય તો તેને ભગવાનના ધામની પ્રાપ્તી થાય છે. અને ત્યાગી ભક્ત દેહે કરીને ભ્રષ્ટ નથી થયો પણ અંતરમાં વાસના છે, તો તે જન્મ ધરીને વિષય થકી વૈરાગ્ય પામીને મનમાં પ્રશ્ચાતાપ કરીને ભગવાનનું ભજન કરશે પછી નિર્વાસનીક થઈને ભગવાનનાં ધામને પામશે. એ વાસના ટાળ્યાનો ઉપાય તે ભગવાન તથા ભગવાનના સંતની સેવા કરવાનું વ્યસન પડે તે છે. (ગ.મ.૨૫)


★ જે ગૃહસ્થ હોય તે ગમે તેવી મોટાઈને પામે તો પણ સંતની આગળ દીન-આધીન થઈ રહે અને જે ત્યાગી હોય તેને ગમે તેવા પોતામાં ઐશ્વર્ય આવે તો પણ સંતની ટેલ-ચાકરી કરતો રહે અને સાધુ સાથે પિતરાઈ દાવો બાંધે નહિ અને બરોબરિયાપણું કરે નહિ. એવા જેના લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે. (ગ.મ. ૨૫)

★ ભગવાનના ભક્તને આત્મજ્ઞાન, વૈરાગ્ય તથા ધર્મ જો ભગવાનની ભક્તિ કરતાં અંતરાય કરતા હોય તો તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું. અને જો એ ભક્તિને સહાયરૂપ થાતા હોય તો તો એ ઠીક છે. (ગ.મ.૨૫)

★ જેને બીજાનો અવગુણ આવે ને પોતામાં ગુણ પરઠે તે તો ગમે તેવો મોટો હોય તો પણ તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય છે. માટે ભગવાનનો ભક્ત તેને તો સર્વે સત્સંગીનો ગુણ જ લેવો અને પોતાનો અવગુણ જ લેવો. એવી રીતે સમજતો હોય ને થોડી બુદ્ધિ હોય તો પણ તે સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય અને તે વિના ઝાઝી બુદ્ધિ હોય તો પણ દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાંથી પાછો હઠતો જાય અને અંતે જાતા નિશ્ચે વિમુખ થાય. (ગ.મ.૨૬)

★ રાજા અને ચાકર, ગુરૂ અને શિષ્ય, તેમજ ભગવાન અને ભક્ત તેમાં એવી રીત છે જે રાજા, ગુરૂ કે ભગવાન જો વઢીને શીખામણની વાત કહે તેમાં સવળું લે તો તે ઉપર હેત થાય અને જો અવળું લે તો તે ઉપર હેત થાતું નથી. (ગ.મ.૨૬)

# અબજ અમૃત



★ આજ અનાદિમુક્ત મનુષ્યરૂપે દર્શન આપે છે. તેમનો પ્રસંગ રાખે ને તેમને અંતરયામી જાણીને સદાય સમીપે રાખે તો ઘાટ-સંકલ્પ ટાળી નાખે. પણ 'ગુરૂ ગયા ગોકળ ને ચેલાને થઈ મોકળ' એમ જાણે તો સંકલ્પ ટળે નહિ. પણ જીવના સ્વભાવ એવા છે જે માન, મોટપ, વિદ્યા, અધિકાર એમાં મોટપ માને. એમાં મોટપ માનવી નહિ, એક મહારાજની મૂર્તિમાં જોડાવું ને તે સુખમાં મોટપ માનવી. આ લાભ ને આ જગ્યાની ખબર ન મળે. આ તો અક્ષરધામ છે પણ વૃષપુરના મંદિરની ઓસરીમાં બેઠા છીએ એમ ન જાણવું. (૧/૧૯૯)

★ આ સભામાં અનાદિ તથા પરમ એકાંતિક તથા એકાંતિક છે અને શ્રીજીમહારાજ માંહે વિરાજે છે. માટે આ ને આ દેહે કરીને મૂર્તિના સુખભોક્તા થાવું ને મૂર્તિમાં જોડાવું. જે મૂર્તિથી અને આ સભાથી નોખા પડશે તેને સુખ નહિ આવે. (૧/૧૯૯)

★ આ સંત કેવળા મોટા છે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે અક્ષરધામ સુધી મોટા છે. આવા કોઈ અવતાર તથા અક્ષરાદિક કોઈ નથી. એવા આ સંત મોટા છે. જે મોટા ભાગ્યવાળો હોય તે આ સંતને ઓળખે. જેવા તેવાના ઓળખ્યામાં આવે તેમ નથી. (૧/૧૯૯)

★ જો દેહાભિમાન ટળી જાય તો મહારાજને વિષે ને અનાદિમુક્તને વિષે આત્મબુદ્ધિ થાય. તેણેજ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે. (૧/૧૯૯)

★ અમે જે જે ક્રિયા કરીએ છીએ તે અનંત જીવના ઉદ્ધાર કરવા સારુ કરીએ છીએ. જેને જેને અમે ચંદન ચર્ચ્યાં તે સર્વે અક્ષરધામમાં જવાના, અને આ પૂજા અક્ષરધામમાં થાય છે એમ જાણજો. આ ચંદન દિવ્ય છે, આ ફળ-ફુલ મેવા દિવ્ય છે એમાં માયાનો ગુણ નથી. તેના જમનારા અક્ષરધામમાં જાશે એવો આ પ્રસાદિનો મહિમા છે. અને આ સભાને દિવ્ય જાણે તેને અક્ષરધામનું સુખ છતે દેહે આવે અને સાક્ષાત્ મહારાજની મૂર્તિમાં જોડી દે એવા આ મુક્ત છે. (૧/૧૯૯)

# જ્ઞાનામૃત



## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

- જે ભક્તની ઈન્દ્રિયોની વૃત્તિયું આત્મા કે પરમાત્મા સન્મુખ વર્તે છે ને વિષયને વિષે દોષના ધ્યાને યુક્ત વર્તે છે. તે ભક્ત જે તે વિદ્યાશક્તિએ યુક્ત કહેવાય છે. ને જે ભક્તની ઈન્દ્રિયુંની વૃત્તિયું બાહેર વર્તે છે ને વિષયને વિષે ગુણના ધ્યાને યુક્ત વર્તે છે તે ભક્ત જે તે અવિદ્યા શક્તિએ યુક્ત કહેવાય છે. ને જે હરિભક્ત એમ નથી સમજતા ને નિશ્ચયનું કે મહિમાનું બળ લઈને સ્વભાવને ટાળતા નથી ને જે હરિભક્ત શ્રીજીમહારાજની ને સત્પુરુષની બીક રાખીને ભગવાનને અંતર્યામી જાણીને પ્રકૃતિને ટાળે છે ને નથી ટાળતા એ બેને સરવાળએ બહુ ફેર પડે છે. કેવળ વિદ્યાશક્તિએ યુક્ત તો શ્વેતદ્વીપના તથા બદ્રિકાશ્રમના મુક્ત વર્તે છે. ને જો પંચવિષયને વિષે સન્મુખપણું ને એમને વિષે ગુણનું ધ્યાનપણું થઈ જાય તો તે વિદ્યાને વિષે પણ અવિદ્યા કહેવાય અને જે અક્ષરધામના મુક્ત છે તે તો ગુણાતિત વર્તે છે માટે એ નિર્ગુણ કહેવાય.
- પરમેશ્વર તથા દિવ્યધામ ને દિવ્યપાર્ષદ એ સર્વેના સાકારપણાનો દઢ ઠરાવ કર્યો હોય ને શુદ્ધ સંપ્રદાયે કરીને સત્પુરુષથી અધ્યાત્મજ્ઞાન શ્રવણ કર્યું હોય તો નિરાકારપણાની પ્રતીતિ સ્વપ્નમાં પણ થાય નહિ ને અસત્ સંપ્રદાયના અસત્ પુરુષ પાસેથી જ્ઞાન પામ્યો હોય તો તેને નિરાકારની પ્રતીતિ થાય છે.
- સત્પુરુષનો અવગુણ કેમ સમજે તો ન આવે? ઉત્તર જે, સત્પુરુષ હોય તેમનું વર્તન તો પરલોકને અર્થે હોય પણ દેહની આબરુને અર્થે કે આલોકના સુખને અર્થે ન હોય ને એમના સંગી હોય તેનું પણ પરલોકને વિષે સારુ થાય એમજ ઈચ્છે ને તેમજ તેને વર્તાવે છે. ને આ લોકના જે સુખ છે તે તો ચાર પ્રકારના પ્રલયે કરીને નાશ થઈ જાય છે એવા છે ને દુઃખરૂપને સ્વપ્ન તુલ્ય છે. એમ સમજે તો સત્પુરુષનો અવગુણ ન આવે.

## સદ્. શ્રી ગુણાતિતાનંદ સ્વામી



- આ જીવ કોઈ દિવસ પ્રભુ ભજવા નવરો થયો નથી. સર્વે ધૂળનું છે. પણ માંહી ચોંટી રહે છે, અને પંચવિષયમાં ઝડપું નાખે છે, માટે ''નિજાત્માનં બ્રહ્મરુપં''એમ થવું. તે વિના છૂટકો નથી.
- પુરુષોત્તમને પુરુષોત્તમ કહેવામાં માણસને કેટલીય શંકા! ને બીજા પુરુષોત્તમનાં રુવાડા જેવા પણ હોય નહિ, તેને પુરુષોત્તમ કહે છે, એમ સમજણ આવવી તો ઘણી દુર્લભ છે. તેમ સાધુ પણ ન ઓળખાય ને આવી વાતો વિના મોક્ષ ન થાય. આપણે તો ભગવાન મળ્યા અને તેના મળેલા સાધુ પણ મળ્યા. એ મુદ્દો હાથ આવ્યો છે.
- જે આત્મદર્શી છે તે ખાટી છાશના ભોગી છે અને જે મૂર્તિ છે તે ઘી છે. તે આપણે મૂર્તિ વડે જ રહેવું. ખાટી છાશમાં (આત્મદર્શનમાં) શો માલ છે!
- પંચ જ્ઞાન ઈન્દ્રિયને વશમાં રાખવી અને પંચવિષયનો જોગ જ થાવા દેવો નહિ ને જોગ થાયે પાછું સમુ રહે તેવું નથી. માટે જેટલું અવશ્ય હોય તેટલું કરવું. બાકી પડ્યું મૂકવું, અને તેમાં દોષ જોવા ને બીતા રહેવું. તે પાપ મૂકવા અને પ્રભુ ભજવા તે સિદ્ધાંત રાખવો.
- આ જીવને સાધુ ક્યાં ઓળખતા આવડે છે! ભેળા રહે ને ઓળખે નહિ. ને આ જો ખરેખરા ઓળખાય તો ગાંડા થઈ જાઓ. પણ એમ નથી ઓળખતા એટલી જ કસર છે. એવા સાધુનાં સમાગમ વિના મોક્ષ નહિ થાય. જેને પૂર્વ સંસ્કાર થયા છે તે પણ આવા સાધુના જોગે. ને હમણા પણ જેને થાય છે તે આ સાધુના જોગે; માટે જોગ કરી લેવો. બ્રહ્માંડમાં આવા સાધુ ખોળી લાવો. ક્યાં મળશે? ને આમ બેસાડી બેસાડીને વાતો કોણ કરશે? સાધુ વિના કોઈ નહિ.
- બીજા લોકાંતરમાં તો આહીનાથી વધુ વિષયભોગ છે.ત્યાં રહીને કેમ નિર્બાધ રહેવાય? એતો જ્યાં સાધુ હોય ત્યાંજ કસર ટળે. તે હમણા જણાતું નથી. પણ આ દેહ મૂકીને જીવ બહુ બળીયો થાશે. તેના ભગવાન ફળપ્રદાતા છે. તે એવો જોગ મેળવી દેશે. આપણે કાંઈ કરવું નથી. આવા સાધુની ઓળખાણે થઈ રહ્યું.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- આ સત્સંગ છે તે દિવ્ય છે. આ સત્સંગમાં સ્વામિનારાયણ ભગવાન સદા છે, છે ને છે જ. પણ જેને એવો મહિમા સમજાય, એવાં અંગ થાય, ત્યારે કામ ઝટ થઈ જાય.
- કાળ, કર્મ તો ભગવાન ને ભગવાનના મુક્ત મેલાવે તો જીવનો મોક્ષ થાય માટે મોક્ષદાતા તો સ્વામિનારાયણ ભગવાન છે. એ દ્દષ્ટાંતમાં બાપાએ શું સમજાવ્યું છે? કે આવા મોટા અનાદિમુક્ત હોય એનો જોગ પાશેર અન્ન જેટલો ય ન કર્યો હોય અને બીજાં સાધન ઘણા કરેલાં હોય. જપ, તપ, વ્રત પણ આ એક દિવસનો સમાગમ કર્યો હોય તે વધી જાય. લાખ-કરોડ જન્મ ધરો ને સત્સંગ તમે કરો, એ કરતાં આવા મુક્તનો એક મિનિટનો સમાગમ થઈ જાય જીવમાંથી તો એનું કામ વધારે થઈ જાય. એ એક મિનિટમાં મૂર્તિના સુખમાં મેલી દે. એમ મહારાજને મોટા આવ્યા ને કૃપા સાધ્ય થાય ત્યારે એવું કામ કરે છે.
- મહારાજ કહે અમારી કૃપાદષ્ટિ, અમે રાજી થઈએ તો ગમે તેવો હોય તોય એને મુક્ત કરી નાખીએ. જડ હોય તેને ચેતન કરી આખા બ્રહ્માંડનાં જીવોનો મોક્ષ કરવા સમર્થ છીએ. અમે ધારીએ તે કરી નાખીએ. અમારે એવો કોઈ નિયમ નહિ. ભગવાન ‘‘કર્તું, અકર્તું, અન્યથા કર્તું ’’છે. સાધન વિના મોક્ષ કરે. સાધન કરે ત્યારે તો મોક્ષ થાય એ રીત છે. ભગવાન રાજી થાય તો સાધન ન કર્યા હોય એનો પણ મોક્ષ કરી શકે.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- જેમ બાહ્યવૃત્તિમાં ચૈતન્ય ને દેહ ભુલાતો નથી તેમ અનાદિ મુક્તની સમજણમાં ચૈતન્યને મૂર્તિ ભુલાય નહિ. જ્યાં દેહનો દેખાવ છે ત્યાં પ્રતિલોમપણે મૂર્તિ ધારતાં એમ થઈ જાય કે હું તો મહારાજની મૂર્તિમાં ભેળો જ છું. દેહભાવ તો અજ્ઞાનકાળે હતો, હવે તો શ્રીજીમહારાજે મારા ચૈતન્યને પોતાની મૂર્તિનાં દર્શને મૂર્તિ જેવો દિવ્ય સાકાર કરી મૂર્તિ ભેળો જ રાખ્યો. દેહ મૂકીને જે મહારાજને પામવાનું હતું તે દેહ છતાં સમજણ કરાવી. આપણને એમ થાય કે મૂર્તિ દેખાતી નથી, તો સન્મુખ દેખાય છે તે જ મૂર્તિને પ્રતિલોમ ધારવી ને એમ જાણવું કે અનંત કોટિ બ્રહ્માંડના આધાર શ્રીજીમહારાજ મારા આધાર કેમ ન હોય ? આપણે મૂર્તિઓનાં દર્શન કરીએ છીએ ત્યારે ચિત્ર-પ્રતિમા-ધાતુ કે કાષ્ટાદિક પ્રતિમમાં આ લોકના ભાવ દેખાય છે. પણ અક્ષરધામના પતિ આ મહારાજ છે એવો ભાવ રાખવો જોઈએ. ધામમાં તે જ મૂર્તિ આ છે, ધાતુ-પાષાણ કે ચિત્ર ભાવ આવે તો અપરાધ થાય, એ રીતે સદાય આપણે દેહભાવ વિસારી દેવાનો છે. દેહભાવ તો અજ્ઞાને કરીને માની લીધો છે. મહારાજ કહે છે કે તમે તમારી પોતાની જાતને ધામરુપ, બ્રહ્મરુપ માનો. બ્રહ્મ એ મહારાજની મૂર્તિનું તેજ. એ ધારણા સમજણમાં થાય ને મનાય, પણ દેખાય તો જ્યારે ધામમાં પહોંચાય ત્યારે.
- મહાતેજરુપ આપણે પોતાના ચૈતન્યને માનવાની આજ્ઞા છે. પરમકૃપાળુ બાપાશ્રીએ ‘બ્રહ્મ’નો અર્થ ઠેઠ મૂર્તિ સુધી પહોંચાડ્યો છે. તે ભગવાનની મૂર્તિનો આકાર ચૈતન્યમાં ધારવો, ચૈતન્ય મૂર્તિમાં જ છે, હું તો અનાદિમુક્ત જ છું. મહારાજ જેમ ધામમાં અખંડ છે તેમ મારો ચૈતન્ય દિવ્યભાવે મહારાજના જેવો સાકાર થઈ તે મૂર્તિમાં રસબસ થઈ અખંડ નિવાસ કરી રહ્યો છે- મહારાજે દયા કરી એટલે આ વાત સમજાણી. હવે અખંડ તેનું અનુસંધાન રાખવું.
- કારખાનામાં કામ કરનારા મિસ્ત્રીઓને પણ સમાજવવું છે કે સહજાનંદ સ્વામી ભગવાન છે અને છેલ્લી વખતે એ એક જ કામમાં આવે છે. આ લોકમાં પણ ક્ષણે ક્ષણે તેમનું કામ પડે છે, અને એથી જ એ આપણું સર્વે સુખ છે, તેથી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિને સંભારવાનો ખટકો રાખવો.

## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા



- જીવના સ્વભાવ એવા છે કે પંચ વિષયમાંથી હેત ટળતું નથી. અને ભગવાનમાં હેત થાતું નથી. ભગવાનમાં હેત તો મહિમા સમજે તો થાય. ભગવાન જેવા સુખદાયી કોઈ નથી. અનંત જનમ ધરો ને સત્સંગ કરો પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતાની મન, ઈન્દ્રિયો, અંતઃકરણ ને જોડી મેલે. નેત્રે કરીને ભગવાનનું રૂપ જોવે, કાને કરીને કથા સાંભળે, જીભે કરીને એનો જપ કરે, પ્રસાદ ખાય. ત્વચાએ કરીને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા, પરિચર્યા કરે. એમ પંચે ઈન્દ્રિયો ભગવાનના સ્વરૂપમાં જોડે, ત્યારે ભગવાન રાજી થઈ જીવના વિકાર માત્ર ટાળી નાંખે. સાધને નથી ટળતા. સાધને રાફળા વળી ગયા. તો અંતરના શત્રુ મર્યા નથી. એકલશૃંગી, સૌભરી, પરાશર એના ઘણા તપ હતા. પણ અંતરના શત્રુ મર્યા નહોતા, એ વિકાર તાણી ગ્યા. તે વિષયમાં બંધાય ગ્યા. એમ તપે કરીને નહી જાય. પણ મહારાજ કે મહારાજના મુક્ત એની સાથે હેત, પ્રીતિ, આત્મબુદ્ધિ કરે ત્યારે મહારાજ દયા કરી એના વિકાર ટાળી નાંખે. તે આપણે પ્રસન્નતાને અર્થે કરવું. ધ્યાન, ભજન, માળા, માનસીપૂજા, સંત સમાગમ વગેરે મહારાજને રાજી કરવાને માટે કરવું. પણ માન માટે, કીર્તિ માટે, યશ માટે એમ ન કરવું. માન, યશ, કીર્તિ માટે કરે તો મહારાજ રાજી ન થાય. મહારાજ રાજી ન થાય તો એના વિકાર ટળે નહી. કામના, ક્રોધના, લોભના, માનના, સ્વાદના, ઈર્ષ્યા, કપટ, દગા એ ટળતા નથી. મહારાજ અને મોટાનો રાજીપો થાય તો મહારાજ ટાળે. મહારાજે નિયમ બાંધ્યા છે. સહુ સહુના નિયમ પ્રમાણે ખબરદાર થઈને રહેવું. ત્યાગી, ગૃહી, બાઈ, ભાઈનાં નિયમ બાંધ્યા છે. નિયમમાં રહે અને મહારાજને કર્તા માને, સર્વે કર્તા, નિયંતા, સુખદાતા એક જ સ્વામિનારાયણ ભગવાન છે.



## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા

- ભગવાનમાં દિવ્યદૃષ્ટિ થાય એને બધું દિવ્ય લાગે. દિવ્ય જ જણાય.
- અશ્રદ્ધા છે એ કચરા જેવી છે. એ અટકાવે તો અટકી જાવું પડે. માટે શ્રદ્ધામાં ખામી આવવી જોઈએ નહિ.
- મહારાજની મૂર્તિમાં છીએ એવી ખુમારી રાખવી બસ! મને મહારાજે મુક્ત દ્વારા આશીર્વાદ આપ્યા છે. એનાથી મારું પૂર્ણકામ થઈ ગયું, એમ માનવું. ગમે તેમ થાય તોય શું? કૃપાથી પુરું થઈ ગયું બસ! અને હકીકત છે. કૃપાને ક્યાં શરત છે? કૃપા કરી નાંખી પછી ભગવાન કાંઈ કૃપાની શરત નથી રાખતા. જો શરત રાખવા બેસે તો કોઈનું પૂરું થાય? ભગવાન આપણા કૃપાસાધ્ય છે. નહિતર તો જન્મો જન્મ સુધી માથાકૂટ કરે તોય પાર આવતો નથી. આ તો આ જ જન્મે જાવ બધું પૂરું કરી દઈશ. મારે શરણે આવો બસ! એણે શરણે રાખ્યા છે.
- તમે ભગવાન ઓળખ્યા છે. અને હવે એમ જ રાખજો કે ભગવાનના સુખમાં છીએ બસ! અધૂરું છે જ નહિ આપણું. આ જ મનન કરવું. મારા ચૈતન્યને મુક્ત કરીને મહારાજે મૂર્તિમાં રાખ્યો છે. કૃપાથી રાખ્યો છે. પછી ક્યાં સવાલ છે? માટે એમ માનવું.

# વિશિષ્ટાદ્વૈત

(શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈત સિંદ્ધાતસગર - શા.શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી રચીત)

ગતાંકથી ચાલુ.....

## શુદ્ધ અક્ષરબ્રહ્મ નિરૂપણ

હવે ચોથા ભેદરૂપ અક્ષર પૂર્વક શુદ્ધ અક્ષરબ્રહ્મ વર્ણન કરાય છે. કારણપણાથી તથા નિયંતા હોવાથી ચોવીશ તત્ત્વથી પર ત્રણ પ્રકારનો અહંકાર છે, તેથી પર મહતત્ત્વ છે, તેથી પર પ્રધાન પ્રકૃતિ છે, તેથી પર તેના પતિ પુરૂષ છે, તેથી પર મૂળ માયા નામની પ્રકૃતિ છે, તેથી પર માયાના પતિ પુરૂષ છે, તે પુરૂષથી પર વાસુદેવ નામના બ્રહ્મ છે, તેથી પર ચોથા ભેદરૂપ અક્ષરબ્રહ્મ છે.

હવે કોઈ શંકા કરે કે શ્વેતદ્વીપ પતિ વાસુદેવ બ્રહ્મ તે જ પ્રકૃતિના અધિષ્ઠાતા પુરૂષ છે, પણ તે બેમાં ભેદ નથી બે એક જ છે. તો એવી શંકા કરવી નહિ. કારણ કે તે બંને જુદાજ છે, શ્વેતદ્વીપ પતિ વાસુદેવ અવતારી છે, અને પ્રકૃતિના પતિ પુરૂષ તો તે વાસુદેવના અવતાર છે. એ હેતુ માટે પ્રકૃતિના પતિ પુરૂષ તેમની ઉપાસના કરનારનું કનિષ્ટપણું, અને વાસુદેવ બ્રહ્મની ઉપાસના કરનારનું મધ્યમપણું શ્રી હરિએ લો. ૧૨માં વચનામૃતમાં કહ્યું છે. "હવે નિર્વિકલ્પમાં કનિષ્ટ ભક્ત કીયો તો ભગવાનને સર્વ શુભ, અશુભ, ક્રિયા કરતાં દેખે તો પણ એમ સમજે જે સર્વ ક્રિયાને કરે છે તો પણ અકર્તા છે, કેમ જે તે ભગવાન તો બ્રહ્મરૂપ છે તે બ્રહ્મ કેવું છે તો આકાશની પેઠે સર્વને વિષે રહ્યું છે ને સર્વની ક્રિયાઓ તેને વિષેજ થાય છે એવું જે બ્રહ્મપણું તે ભગવાનને વિષે જાણે, જેમ રાસ પંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરિક્ષિત રાજાએ પ્રશ્ન પૂછયો જે, ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો? ત્યારે તેનો ઉત્તર શુકજીએ કર્યો જે શ્રીકૃષ્ણ તો અગ્નિની પેઠે તેજસ્વી છે તે જે જે શુભ અશુભ ક્રિયાને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે, એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે તેને કનિષ્ટ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. અને શ્વેતદ્વીપને વિષે રહ્યા જે ષટઉર્મિએ રહિત એવા નિરન્નમુક્ત તે જેવો પોતે થઈને વાસુદેવની ઉપાસના કરે તેને મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ," વળી શ્વેતદ્વીપપતિ વાસુદેવ બ્રહ્મના અવતાર શ્રીકૃષ્ણ છે, એમ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે પં. ૬માં કહ્યું છે, "એવી રીતે પોતે પોતાનું પુરુષોત્તમપણું જણાવ્યું તથા ગોલોકવાસી જે રાધિકા સહિત શ્રીકૃષ્ણ તેતો પોતેજ હતા. અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે અર્જુનને પોતાનું ભૂમાપુરુષરૂપે દર્શન કરાવ્યું. તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ તેણે તો પોતેજ એ અવતાર ધર્યો હતો, તથા નરનારાયણ તો સમગ્ર ભારતને વિષે તથા ભાગવતમાં એ શ્રી કૃષ્ણને જ કહ્યા છે." માટે વાસુદેવ નામના બ્રહ્મ તે પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષથી પર છે અને તેના અવતારી છે આવો સિદ્ધાંત છે.

હવે કોઈ શંકા કરે કે વાસુદેવ બ્રહ્મ છે તે જ ચતુર્થ ભેદરૂપ અક્ષરબ્રહ્મ છે, એમ કહેવું? તો કહે છે કે ના એવી શંકા કરવી નહિ. કારણ કે અક્ષર તો વાસુદેવબ્રહ્મથી પર છે. જ્યારે તે બન્નેનું જુદાપણું ન કહેલું હોય ત્યારે વાસુદેવ બ્રહ્મનો પણ અક્ષર શબ્દમાં સમાવેશ સમજવો, કેમકે તેમને પણ અક્ષર શબ્દથી કહેવાય છે પણ વાસુદેવબ્રહ્મ ને અક્ષર તે બન્નેનો ભેદ (વર્ગ) સત્ય જ છે. એ પ્રમાણે કા. ૧૦માં કહ્યું છે. "અને જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરી બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિ પુરુષ જેવા પણ થાય, અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રી પુરુષોત્તમ નારાયણ જેવો થવાને કોઈ સમર્થ નથી." માટે ચોથા ભેદરૂપ અક્ષર થકી સ્વરૂપ સ્વભાવ ગુણો વિગેરેથી શ્રેષ્ઠ હોવાને લીધે સર્વના આધાર હોવાને લીધે સર્વનિવાસરૂપ હોવાથી પર રહેલ અને 'अक्षरात्परतः परः' એ શ્રુતિથી કહેલ પરુષોત્તમ શ્રી સ્વામિનારાયણનું ધામરૂપ અક્ષર બ્રહ્મ છે. તે જ ચિદાકાશરૂપ પોતાનું બ્રહ્મધામ તેમાં નીરંતર દિવ્યાકારવાળા પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અસંખ્ય દિવ્યાકાર મુક્તો સહિત વિરાજતા સતા પોતાના પ્રકાશરૂપ અંતર્યામિ શક્તિ વડે અક્ષરાદિક સર્વેમાં અન્વયપણે રહીને સર્વને યથાયોગ્ય કર્મફળ આપે છે તેજ બ્રહ્મધામને બ્રહ્મપુર ચિદાકાશ આદિ પર્યાય શબ્દોથી કહેવાય છે, તેજ ધામ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણનું નિવાસસ્થાન છે. તે તેજરૂપ ધામમાં જ શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવ્ય અનંત ઐશ્વર્ય પાર્ષદાદિકે સેવ્યાથકા વર્તે છે, વળી ગીતામાં તે જ પ્રકારે કહ્યું છે.

"તે ધામને સૂર્ય પ્રકાશ કરતો નથી ચંદ્રમાં તથા અગ્નિ પ્રકાશ કરતા નથી. જેને પામીને પાછા સંસારમાં આવતા નથી." એ શ્લોક વડે કરીને પણ તે ભગવાનના તેજરૂપ ધામને જ કહેલ છે. તેજ પ્રમાણે મુંડક. ૨જામાં "न तत्र सूर्यो भाति न चंद्रतारकम् नेमाविद्युतोभान्तिकुतोऽयमग्निः तमेवभान्तमनुभाति सर्वम् तस्यभासासर्वमिदंविभाति ।" "તે પરબ્રહ્મ સ્વરૂપમાં સૂર્યપ્રકાશ કરતો નથી, ચંદ્ર, તારા, અને વીજળીઓ તે કોઈ પ્રકાશ કરી શકતાં નથી તો પછી અગ્નિતો પ્રકાશ કરે જ ક્યાંથી ! અને તે પરમાત્માને લીધે સર્વે પ્રકાશમાન છે. કારણ કે તે પરબ્રહ્મની કાન્તિથી સર્વ પ્રકાશમાન થાય છે," આ પ્રમાણે મુંડક શ્રુતિમાં પણ તેજરૂપ ધામનું વર્ણન કરેલ છે.

# અનાદિમુક્ત શ્રી જાદવજીબાપાના સંભારણા

લેખન અને રજુઆત, શ્રી મહેશભાઈ ભોજાણી-રાજકોટ

નરનારાયણ દેવ ગાદી સંસ્થાન હેઠળના મૂળી પ્રદેશમાં લુણસર ગામ સમજણના સત્સંગ માટે જાણીતું છે. વળી અ.મુ. પૂ. શ્રી ભગવાનજી બાપા જેવા દિવ્ય મુક્ત એ ગામમાં થયા તેથી તે ગામ વિશેષપણે પ્રખ્યાત બન્યું છે. ઘોરિયાણી પરિવાર સત્સંગમાં અગ્રેસર ગણાય. મૂળીધામના દિવ્ય સંત પ.પૂ. સદ્. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામીની પ્રસાદીનું આ ગામ ગણાય. આ ગામના અ.મુ. શ્રી રાઘવજીભાઈ ઘોરિયાણીને આ સદ્ગુરૂ સાથે અતિ આત્મબુદ્ધિ હતી. આ રાઘવજીભાઈએ પણ પોતાના પવિત્ર અને આજ્ઞાપરાયણ જીવન દ્વારા શ્રીજીમહારાજને ખૂબ પ્રસન્ન કરેલાં અને સત્સંગમાં ખૂબ રાજીપો મેળવેલો. તેમના પૌત્ર અ.મુ. શ્રી ઝવેરભાઈને સમજણનો સત્સંગ અને માથા સાટેનો પક્ષ વળી અ.મુ. શ્રી ભગવાનજીબાપાની દિવ્યભાવે ખૂબ સેવા કરી તેમનો વિશેષ રાજીપો મેળવેલો તેથી કારણ સત્સંગ જીવમાં ઉતરેલો.

જીવનપ્રાણ બાપાશ્રીના પૌત્ર સિધ્ધ અ.મુ. પ.પૂ. શ્રી જાદવજીબાપાનો આ ઝવેરભાઈ ઉપર ખૂબ જ રાજીપો. તેથી તેઓ દિવાળીના દિવસોમાં ઝાલાવાડ કે મચ્છુકાંઠાના ગામડાંઓમાં દર્શનદાન આપવા નીકળ્યા હોય ત્યારે નૂતનવર્ષને દિવસે અવશ્ય લુણસરમાં જ હોય અને ઠાકોરજીના થાળ જમાડવાનું તો આ ઝવેરભાઈને ઘેર જ હોય.

આવા જ એક નૂતનવર્ષના મંગલમય પ્રભાતે દિવ્યસ્વરૂપ અ.મુ. પ.પૂ. શ્રી જાદવજીબાપા લુણસર ગામે પધાર્યા. તેથી મંદિરમાં સારી એવી સભા થઈ. પૂ. શ્રી જાદવજીબાપાએ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના-અનાદિમુક્તની સ્થિતિ તથા મહાત્મ્યજ્ઞાનની અદ્ભુત વાતો કરી. લુણસરના હરિભક્તોને વર્ષના પ્રારંભે જ અલભ્ય લાભ માળ્યો. વળી પૂ. જાદવજીબાપાના ચરણસ્પર્શનો અલૌકિક લ્હાવો પણ પ્રાપ્ત થયો. સભા પૂર્ણ થઈ. દિવસનો મધ્યાહ્ન થયો. ઠાકોરજી જમાડવાનો સમય થયો. પૂ. શ્રી જાદવજીબાપા સાથેના હરિભક્તોને લઈ શ્રી ઝવેરભાઈને ઘેર પધાર્યા.

સમગ્ર પરિવાર આનંદમાં ઘેલો બન્યો. શ્રી ઝવેરભાઈ તથા તેમના પુત્ર શ્રી પરેશભાઈએ પૂ. શ્રી જાદવજીબાપાશ્રીના પૂજનનો અલભ્ય લ્હાવ લીધો. પૂર્ણાબેને ખૂબ જ ભાવપૂર્વક સ્નેહથી થાળ બનાવેલા. તેથી અ.મુ. શ્રી જાદવજીબાપા તથા સાથે આવેલા તમામ મુક્તોએ શ્રીહરિના પ્રસાદરૂપ થાળ જમાડ્યા.

થાળ જમાડ્યા પછી બાપા કચ્છમાં જવા નીકળ્યા. શેરીમાં કાર તૈયાર હતી. પ.પૂ. શ્રી જાદવજીબાપા ઘરમાંથી ફળિયામાં આવ્યા. બાપાએ અચાનક ઝવેરભાઈ પાસે પાણીનો લોટો મગાવ્યો. ઝવેરભાઈ પાણીનો લોટો લઈને આવ્યા. પાણીનો લોટો બાપાના હાથમાં આપ્યો. બાપાએ એક હાથમાં લોટો રાખી પાણીનું ચાંપુ ભરી બીજા હાથથી ઝવેરભાઈના ઘરના નળિયા ઉપર પાણી છાંટ્યું અને છાંટતા-છાંટતા બોલ્યા કે, ''ઝવેરભાઈ, તમારે સોનાના નળિયા થશે.'' આટલું બોલી બાપાએ ફળિયામાં પણ પાણી છાંટ્યું. લોટો ઝવેરભાઈને પાછો આપી બાપા કારમાં બેસી કચ્છમાં પધાર્યા. બસ એ ક્ષણથી જ ઝવેરભાઈનું પ્રારબ્ધ ફર્યું. પ્રારબ્ધનો પલટો થયો. એ વખતે ઝવેરભાઈનો પરિવાર આર્થિક રીતે મધ્યમવર્ગનો માંડ ગણાય. પરંતુ પ.પૂ. શ્રી જાદવજીબાપાનો આશીર્વાદ ફળ્યો. ધીરે ધીરે આ લોક-પરલોકના સુખનો પ્રવાહ શ્રી ઝવેરભાઈના ઘર અને પરિવાર તરફ વહેવાનો શરૂ થયો.

સ્વપ્ને પણ કલ્પના નહોતી અને જોતજોતામાં શ્રી ઝવેરભાઈ ''શ્રીજીટ્રાવેલ્સ''ના માલિક બન્યા. આવકના સ્રોત વધ્યા. સત્સંગમાં અને સમાજમાં ખૂબ સારી સેવા પણ શરૂ કરી. મહિમાનું અંગ હતું જે વૃદ્ધિ પામ્યું. પછી તો વૃષપુરમાં યજ્ઞનું આયોજન થાય ત્યારથી યજ્ઞ કે પારાયણની સમાપ્તિ થાય ત્યાં સુધી સમગ્ર પરિવારની હાજરી ત્યાં હોય જ. તન-મન-ધનથી સેવા સદાય કરે. બહુ ઝડપથી આર્થિક પ્રગતિ થઈ. વિટ્રીફાઈડના બે કારખાના બન્યા. ''સિમોલા'' વિટ્રીફાઈડ યુનિટ-૧ તથા યુનિટ-૨ મોરબીની ટાઈલ્સની દુનિયામાં આજે મહત્વનું સ્થાન ધરાવે છે. અ.મુ. પ.પૂ. શ્રી જાદવજીબાપાના આશીર્વાદનું જ આ પરિણામ છે એમ સહુ કોઈ કબુલ કરે છે.

આજે પણ શ્રી ઝવેરભાઈનો પરિવાર એવો જ સત્સંગમાં ઓતપ્રોત છે. સેવાભાવ ખૂબ જ વધ્યો છે. હજુ પણ છત્રી સંસ્થાન તરફથી આવનારના ઉતારા અને થાળની વ્યવસ્થા ત્યાં જ થાય છે. સત્સંગમાં તે પરિવારની આર્થિક, શારીરિક, માનસિક સેવાઓ નોંધપાત્ર રહી છે.

આ છે અ.મુ. પ.પૂ. શ્રી જાદવજીબાપાશ્રીની દિવ્યતાની કૃપાળુતાની એક ઝલક.

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

# આધ્યાત્મિક જ્ઞાન

ગતાંકથી ચાલુ.....

૨૩૪ ધ્યાન : ધ્યાનના પ્રકાર :: (૧) સાંગ = અંગો સાથે-આખી મૂર્તિનું (૨) ઉપાંગ = વસ્ત્ર,અલંકાર સાથેનું (૩) સલીલ = લીલા ચરિત્રો સાથેનું (૪)સપાર્ષદ = મુક્તો સાથેનું. અનુલોમ ધ્યાન : (અનુ એટલે સામે) : ભગવાનની મૂર્તિને સામે ધારવી તેને અનુલોમ ધ્યાન કહે છે. આ ધ્યાનથી પરમએકાંતિક મુક્તની સ્થિતિ થાય છે. પ્રતિલોમ ધ્યાન : મૂર્તિમાં રસબસ ભાવે અંદરથી જોડાઇ જવું તે. આ ધ્યાનથી અનાદિમુક્તની સ્થિતિ થાય છે. ધ્યાનની લટક : સળંગ મૂર્તિ દેખાય ત્યારે લટક આવી કહેવાય. ।। ધ્યાન કેવી રીતે કરવું? કેવી મૂર્તિ ધારવી? તેજનો સમૂહ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત ધારીને તેના મધ્યે બે ચક્ષુવાળી શ્રીજીમહારાજની મૂર્તિ ધારવી. તે મૂર્તિમાંથી તેજની સેડયો છૂટે છે. ધ્યાન કરવા બેસવું ત્યારે મોટાને સાથે લેવા એટલે કે મૂર્તિ ધારતા કોઈ વિધ્ન ન આવે તેવી સહાય માગવી, કેમેકે તેમનું જરૂર કામ પડે છે. મોટાની સહાય વિના ધ્યાન સિધ્ધ થતું નથી. ।। યોગભ્યાસ : ધ્યાન :: પ્રતિલોમ ધ્યાન કરવું. દેહનો આકાર ભૂલીને મહારાજના આકારે વર્તવાનું, પુરુષોત્તમરૂપ બનાવાનું. પ્રતિલોમ ધ્યાન સહેલું છે, અઘરું નથી, વધારે સહેલું છે. ભગવાનની મૂર્તિ પાકી કરી લીધા પછી આપણે ભગવાનને ક્રિયા કરતા અખંડ જોયા જ કરીએ તો ભગવાનનો હાથ દેખાય કે નહિ? તેમને જમતા જોવાય કે નહિ? શયન કરતા, પોઢતા જોવાય કે નહિ? તો યોગનિદ્રામાં પોઢી જવાય. પ્રતિલોમ ધ્યાન કરતા કરતા ઊંઘમાં પણ એમ એમ લાગે કે જાણે હું મહારાજના સ્વરૂપનું ધ્યાન કરું છું આ યોગાભ્યાસ કહેવાય. મૂર્તિ સિધ્ધ કરવાનો એક યોગભ્યાસ. આ છે છેલ્લા ધ્યાનની વાત. બીજા શરૂઆતના અનુલોમ (સામે મૂર્તિ ધારવી તે) વગેરે ધ્યાન તો છે જ. પહેલા એ કરવું જોઈએ કે જેથી મૂર્તિ દ્રઢ થાય. પછી મંદિરમાં જઈને મૂર્તિ જોવી પડે એટલું જ નહિ મૂર્તિ એવી દ્રઢ કરવી કે જ્યાં જઈએ ત્યાં એ જ નખ-શિખાંત દેખાય. પછી તેને પ્રતિલોમ કરી નાખવી, જેથી એ આપણને બરોબર દેખાય. પછી કથા-કીર્તન બધું સાંભળીએ તો બહુ જ આનંદ આવે. આ મૂર્તિમાં રહીને સાંભળવાની વાત છે. મહારજના મસ્તકે મસ્તક, ભાલે ભાલ,....... એ દિવ્ય સ્વરૂપમાં રહેવાની વાત છેને ! એ ગળે ઉતરે એવી નથી.

એ સવાચોસઠ તસુ (ઇંચ) ની મહારાજની જે દિવ્ય મૂર્તિ છે એની અંદરનો અતિ સ્નેહે કરીને જે પ્રવેશ તથા એનો આનંદ એ એક સુખના સાગરમાં જેમ પડયા હોય એવી અલૌકિક વાત છે. જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે એની અલૌકિક રીતનો ખ્યાલ આવે છે. એ વગર ખ્યાલ આવતો નથી. ભગવાનના દર્શન તો ભગવાન વડે જ થાય ને? આપણે પહેલા ભગવાન સ્વામિનારાયણ સાથે જોડાઈ જવું. ગમે એમ કરીને એની સાથે લગન લગાડવી. પછી બધા દર્શન થઇ જશે. ભગવાનનો અનુભવ થાય ત્યારે બધી જ અલૌકિક વાતો સમજાય છે... -મામાશ્રી.

।। અંતર્મુખ ધ્યાન એટલે શું ? અંતર્મુખ ધ્યાન એટલે પ્રતિલોમ ધ્યાન. જો ઇન્દ્રિયોના દ્વાર બહારના બંધ કરી દઈએ અને અંતર્મુખ થઈને મૂર્તિનું ધ્યાન થોડીવાર કરીએ તો ધીમે ધીમે એ પ્રતિલોમ ધ્યાન થઇ જાય. અનુલોમ (સામે મૂર્તિ ધારવી તે) ધ્યાન એ પરમએકાંતિકની સ્થિતિ છે. તેથી આધિક પ્રતિલોમ ધ્યાન એ અનાદિમુક્તની સ્થિતિ છે. ।। ધ્યાન કેવી રીતે કરવું? બાપાશ્રી કહે છે કે મહારજના તેજની સાથે ચૈતન્યની એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. એટલે એ ચૈતન્ય સાકાર બની જાય. એક સંત મામાને પૂછે કે શ્રીજીમહારાજના તેજ સાથે આપણા ચૈતન્યને લીન કરીને ધ્યાન કરીએ તો તો ભગવાનના

સ્વરૂપની અંદર ભરાઈ ગયા કહેવાઈએ ને! તો તો પોતે જ ભગવાન થઇ ગયા ને ઉપાસનાનું ખંડન થઇ ગયું. તો આ જ્ઞાન કેવી રીતે સમજવું? મામા સમજાવે છે. ચૈતન્ય નિરાકર કે સાકાર? નિરાકાર. ચૈતન્ય ઉપરથી બધા આવરણો હટી જાય તો એ બરાબર પ્રકાશે. એ ચૈતન્ય પ્રકાશરૂપ છે. શ્રીજીમહારાજ પણ તેજોમય છે. મૂર્તિમાંથી તેજ નીકળે એ કેવું હોય છે? તો કહે એ તો બરાબર ખબર નથી. મામા કહે, ''શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય.'' તો એવું શીતળ શાંત તેજ કે જેની ઉપમા ન દેવાય. એ તેજ સાકાર કે નિરાકાર ? તો કહે નિરાકર. બરાબર. તે તેજ અને આ ટ્યુબલાઈટના તેજ વચ્ચે ફરક ખરો? તો કહે કંઈ ખ્યાલ આવતો નથી. મહારાજે ચોખ્ખું કહ્યું ને કે શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય. ઉપમા ન દેવાય એવું શીતળ શાંત તેજ છે. તો આનાથી ન્યારું/જુદું થયું કે નહિ? એના જેવું નથી. આ તેજ ભૌતિક છે, તે તેજ દિવ્ય છે. નિરાકર ચૈતન્ય શ્રીજીમહારાજના તેજરૂપ પ્રકાશ સાથે એકતા થતા સાકાર રૂપ ધારણ કરે છે. પછી એ પાત્રતા પ્રમાણે કાં તો રાધિકાની જેમ સન્મુખ મહારાજની સેવામાં રહી જાય અને જો લક્ષ્મીજીની જેમ અતિ સ્નેહ ઉત્પન્ન થાય તો એ અંગને વિષે લીન થઇ જાય. નહિતર શ્રીજીમહારાજ સાથે તાદાત્મ્યતા કેવી રીતે કરે? તમે મહારાજની મૂર્તિ આંખો બંધ કરીને જ્યારે જુઓ છો ત્યારે કઈ આંખે. ચૈતન્ય તો નિરાકાર છે, એને આંખ ક્યાં હોય? એમ ચૈતન્યમાં સાંભળવાનું, જોવાનું બધા જ ગુણો છે. એ ચૈતન્ય મહારાજના તેજ સાથે એકતા કરે ત્યારે એને મૂર્તિમાંથી જે તેજની ધારાઓ નીકળે છે તેનો અવનવો અનુભવ થાય છે.

તેજ સાથે એકતા કરે ત્યારે ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય. એના રૂપ, ગુણ સામર્થ્ય બધું જ ભગવાન સ્વામિનારાયણ જેવું. સંત કહે જો એવું જ હોય તો ભગવાન ન થઇ જવાય? ના. કેમ? આ ટ્યુબલાઈટના પ્રકાશની અંદર વિલીન થઇ જાય. તો એ દીવડાને કદીયે એમ થાય કે હું ટ્યુબલાઈટ છું? તેમ ચૈતન્ય ભગવાનરૂપ થઇ ગયો. તાદાત્મ્યને પામી ગયો. **ભગવાન જેવી સામર્થી-ઐશ્વર્ય પામ્યો, પણ ભગવાન જેટલી સામર્થી નહિ.** ચૈતન્ય છે એ સુખભોક્તા છે અને મહારાજ છે એ સુખદાતા છે. એને ખબર પડે છે કે મહારાજની મૂર્તિમાંથી સુખ નીકળે છે અને હું અનુભવું છું.જો એ અનુભવતો હોય તો એને એમ તો થાયને કે હું દાસ છું. જો ભગવાન થઇ જવાતું હોય તો એકતા કરવાની ક્યાં જરૂર રહી? અને જો આમ થાય તો ઘણા બધા ભાગવાનો ઊભા થઇ જાય પણ તેમ થતું નથી.- મામાશ્રી.

બાપાશ્રી કહે છે કે હૃદયને વિષે મૂર્તિ મનુષ્યના જેવી દેખાય પણ તેજોમય ન દેખાય અને નખથી શિખા સુધી સમગ્ર ન દેખાય; ચરણ સામું જુએ તો મુખ ન દેખાય ને મુખ સામું જુએ તો ચરણ ન દેખાય. એવી રીતે ધ્યાન થાય તે અંતઃકરણમાં દેખી કહેવાય. તેજોમય ને સમગ્ર દેખાય તે જીવમાં દેખી કહેવાય. અંતઃકરણમાં મૂર્તિ દેખાતી હોય ત્યાં સુધી ભૂલી જવાનો સંભવ છે. માટે તેણે લીલા સંભારી રાખવી. લીલા સંભારવાથી મૂર્તિ સાંભરી આવે. આત્માને વિષે મૂર્તિ દેખે તેને લીલા સંભારી રાખવાની જરૂર નથી.

ધ્યાન વગરનું ધ્યાન (સહજ ધ્યાન): આંખો મીંચીને ધ્યાન કરે એટલે તેને ધ્યાની કહેવાય એમ નથી. આંખો ખૂલી રાખે એટલે ધ્યાન નથી. ગોપાળનંદસ્વામી કહેતા કે મૂર્તિમાં રહે એ ખરું ધ્યાન. ધ્યાન વગરનું ધ્યાન. (એટલે ધ્યાનનો પ્રયત્ન ન કરવો પડે ).મામા કહે છે કે જેને અંતર્વૃત્તિ ને બહિર્વૃત્તિ કરવાની જરૂર જ નથી એને ભગવાન પોતે કામ કરતા બને છે. એક એવી સ્થિતિ થાય કે તે ધ્યાન વગરની થઇ જાય. ધ્યાન વગર એટલે? આંખો મીંચવી કે ઉઘાડવી એ બંને સરખું. આંખો મીંચીએ એટલે ધ્યાન થાય છે એમ નહિ સમજવાનું. ધ્યાન વગરની સ્થિતિ એટલે મૂર્તિમાં રહીને સુખ ભોગવવું અને કામ પરમાત્મા કરે.-મામાશ્રી. (અ.સ.-૧,પા.-૧૩).

**ક્રમશઃ**

# "બાપાશ્રી" નારાયણમામાની નજરે

શોધન : શ્રી જયેશભાઈ ગોહિલ- સુરત

દરેકે સાચા આજ્ઞા અને ઉપાસના પાલક થવુ હશે તો બાપાશ્રીને જેમ છે એમ જાણી અનાદિ મુક્તરાજ તરીકે ઓળખવા પડશે. જે સત્ય બોલતા ગભરાય છે, એ પણ સત્યનિષ્ઠાની ખામી છે. સત્યને બીવાની ક્યાં જરૂર છે?

નારાયણમામા કહે છે કે, મને યાદ નથી કે કોઈ સભામાં મેં મહારાજની મૂર્તિની કે બાપાશ્રીએ સમજાવેલી વાત કરી ન હોય. મહારાજ પોતે કહે છે કે અમારા અનાદિમુક્ત બાપાશ્રી તમને મળ્યા તો એની વાતો કેમ કરતા નથી? જો એ વાત કરતા ગભરામણ થતી હોય તો એ નબળાઈ નહિ! સત્ય બોલવમાં ક્યાં ગભરાવવાનું? અસત્ય બોલવામાં ગભરાવાનું. સર્વોપરી ભગવાનનું સ્વરૂપ સમજાવવું એ તો ઉત્તમ બાબત છે.

અબજીબાપાશ્રીએ સ્વામિનારાયણ ભગવાનને સાચા સ્વરૂપમાં ઓળખાવ્યા એનું નામ હરિનો મારગ. ''હરિનો મારગ છે. શૂરાનો નહિ કાયરનું કામ.'' એ શૂરો. અબજીબાપાએ આપણને શૂરવીર ભક્ત બનાવી દીધા. અને આપણે આ સત્સંગમાં રહીને બધાને આ વાતો કરવી છે. દૂર ભાગીને નથી કરવી. દૂર શા માટે ભાગીએ? અબજીબાપાશ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્યસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ હતા. એમાં કોઈને શંકા થઈ શકે એમ નથી.

બાપાશ્રી એમ કહે છે કે જેમ ઘડામાં ઘી થીજી જાય એમ મુક્તો મૂર્તિના સુખમાં થીજી જાય. બીજીવાર એમ કહે છે કે માછલા જેમ રમે એમ કિલ્લોલ કરે એમ મૂર્તિમાં મુક્ત કિલ્લોલ કરે છે. મૂર્તિમાંથી નવા નવા સુખની ધારા છૂટે છે. અને અનંત મુક્તો ભેળા રહી એ સુખ ભોગવે છે. અને કોણ કેટલું સુખ ભોગવે છે. એ પણ કેટલીકવાર એમની ઈચ્છાથી ખબર પડે છે.

નારાયણમામા કહે છે કે મોરારજીભાઈ દેસાઈને કોઈએ પૂછ્યુ કે, આપણે જીવન કેવી રીતે જીવવું જોઈએ? તો એમણે કહ્યું કે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવવું જોઈએ. વાત તો બરોબર છે.

મહારાજની ભારતીય સંસ્કૃતિ એમની શિક્ષાપત્રી અને વચનામૃત આ બેમાં સમાઈ જાય. આ બે સમજવા માટે મહાન તત્વચિંતક કૃષ્ણમૂર્તિના જેવા એક હજાર ભેગા થાય તોય સમજાય એવુ નથી. એટલી બધી ગહન વાત એ બેમાં છે. સરળમાં સરળ અને કઠિનમાં કઠિન. ત્યારે આવુ કઠિન આદર્શ તત્વજ્ઞાન શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા બહુ સરળ ભાષામાં સમજાવી દીધું.

મહારાજે, મોટા સિદ્ધ અનાદિમુક્તે અને બાપાશ્રીએ તો એના માટે એમ કહ્યું છે કે તન અને મનની તમામ પ્રકારની બીમારીનું ઔષધ ભગવાનની મૂર્તિ અને ભગવાનના નામનું રટણ છે. બાપાશ્રી તો એમ કહે છે કે મૂર્તિ આવે તો રોગ પણ ભાગી જાય. કોઈ રોગ થાય નહિ.

બાપાશ્રીએ જનનો મોક્ષ કર્યો એ કેટલો પાપી જીવ હતો છતા પણ એ યોનીમાંથી સીધો પોતાના દર્શન થાય, ત્યાં મૂકી દીધો એ કેવી દયા કહેવાય? મહારાજ ને મુક્ત ધારે તો આમ બીજી યોનીમાંથી પરબારા મહારાજના સુખમાં મૂકી દે, ફરી આવવું ન પડે.

# આત્મોધ્ધારક ઉપનિષદો

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ- ભુજ

આપણા ભારત દેશની વૈદિક સંસ્કૃતિ અજોડ, અલૌકિક, મોક્ષભાગી બનાવનાર છે. જે સમગ્ર વિશ્વમાં અદ્‌ભૂત લેખાય છે. ઉપનિષદોના પાયામાં આત્મા કે બ્રહ્મતત્વની મીમાંસા છે. જુદા જુદા ઋષિઓ મુનિઓએ અલગ અલગ રીતે એક જ તત્ત્વની વિચારણા આલેખી છે. પ્રાચીન ધાર્મિક સાહિત્ય સૂત્રોમાં વ્યક્ત થયેલું છે. બ્રહ્મ સૂત્રો, ભક્તિસૂત્રો, ગુહ્યસૂત્રો દર્શન શાસ્ત્રમાં અસંખ્ય સૂત્રો સાંપડે છે.

ઉપનિષદના ઉપદેશનો પ્રારંભ ગુરુ-શિષ્યની સહપ્રાર્થના વડે પ્રાર્થના શાંતિ મંત્ર તરીકે ઓળખાય છે. ઐતરેય ઉપનિષદ દર્શાવે છે **श्रुतं मे मा प्रहासी** અર્થાત્ મારાથી પૂર્વે શ્રવણ કરેલું જ્ઞાન ક્યારેય ન વિસરાય. પરમને પામવા હું મારા જ્ઞાનનો ઉપયોગ કરું ને જે કંઈ શ્રવણ કર્યું હોય તે લોકોમાં વહેંચી શકું. હે ગુરૂદેવ ! મને તેવા આશીર્વાદ પાઠવો.

ઐતરેય ઉપનિષદમાં વિશેષમાં દર્શાવાયા મુજબ **कोडयंमात्मेति वयमुपास्महे, कनर: स आत्मा ।।** અર્થાત્ જે આત્માની આપણે ઉપાસના કરીએ છીએ તે આત્મા કેવો છે? ક્યાં છે? મન-બુદ્ધિ વડે ન જણાય તેની તો માત્ર અનુભૂતિ જ થઈ શકે. તેને બ્રહ્મપણ કહેવાય છે જે એક માત્ર સત્ય સ્વરૂપ છે.

કઠોપનિષદ વર્ણવે છે તે પ્રમાણે **न हन्यते हन्यमाने शरीरे ।** શરીર નાશ પામે તો પણ તેનો નાશ થતો નથી. ગીતાજીના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનને સદ્‌બોધ્યું કે, દેહનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી. શ્રુતિઓમાં પણ તેની ઓળખ માત્ર નેતિ-નેતિ કરવામાં આવી છે. વિશેષરૂપે કઠોપનિષદે વર્ણવ્યું કે, **उतिष्ठ जागृत प्राप्यं वसत्रि बोधति ।** હે મનુષ્યો ઊઠો, મોહનિદ્રામાંથી જાગો સદ્‌ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો. આત્મજ્ઞાન મેળવી મુક્તિનુંજ એક માત્ર લક્ષ્ય રાખો. કઠોપનિષદ વર્ણવે છે, **आत्माना विन्दते वीर्य विद्या विद्यनेअमृतम् ।** આત્માજ્ઞાનથી માનવી સ્વાભિમાન પ્રાપ્ત કરે છે અને એ આત્માને જાણવાથી વિદ્યાથી પરમાત્માને પ્રાપ્ત કરે છે અને મોક્ષ મેળવે છે. જ્ઞાન પ્રાપ્તિ બાદ કોઈ દેહભાવ ટકતો નથી. વ્યક્તિને બદલે સમષ્ટિમાં તે પ્રવેશે છે. તેને મૃત્યુનો ડર જતો રહે છે. આમ આત્મબળ મેળવીને તે મૃત્યુ પર પહોંચી જાય છે.

છાંદોગ્ય ઉપનિષદ મુજબ **सर्वं खल्विदं ब्रह्म : ।।** સંપૂર્ણ વિશ્વ બ્રહ્મ છે. જગત્ ગુરૂ આ શંકરાચાર્યના મત મુજબ અહીં બ્રહ્મ એકજ સત્ય છે. વિશેષમાં વર્ણવ્યા મુજબ **मनोहयान्मा, मनोहिलोको मनोहिब्रह्म मन उपास्यति ।।** મનજ આત્મા છે. મનજ લોક છે અને મનજ બ્રહ્મ છે તેથી તમે શ્રેષ્ઠ મનની ઉપાસના કરો. મનને સંયમમાં રાખો. ઈન્દ્રિયો જો ઘોડા છે તો મન તેની લગામ છે. તેની અગાધ શક્તિને લઈને તેને બ્રહ્મ કહે છે. **वागेव ब्रह्मणश्चतुर्थ पाद:** વાણી મનોમય બ્રહ્મનો ચોથો પગ છે. તમામ શાસ્ત્રોનું જ્ઞાન વાણી વડે જ થાય છે.

તૈતરિય ઉપનિષદ ઉપદેશે છે **यतो वाचे निवर्तते अप्राप्य मनसा सह ।** બ્રહ્માનંદની અનુભૂતિને વ્યક્ત કરવા મન સાથે વાણી પણ અસમર્થ બને છે. જે વ્યક્તિ આ આનંદનો અનુભવ કરે છે તેને ફરીવાર ગર્ભમાં આવવું પડતું નથી. બ્રહ્મભાવ મેળવેલ વ્યક્તિ મોક્ષ મેળવે છે.

શીવસંકલ્પ ઉપનિષદમાં કહેવાયા મુજબ **तन्मे मन: शिव-संकल्प मस्तु ।** આપણું મન કલ્યાણકારી સંકલ્પો યુક્ત થાઓ. સદૈવ શુભ સંકલ્પો કરનારું થાઓ. મૈતારણ્ય ઉપનિષદ વિશેષતા દર્શાવે છે. **मन: एवं मनुष्याळां कारणं बन्ध मोक्षयो : ।।** માણસનું મનજ તેની મુક્તિ અને બંધનનું કારણ હોય છે.

આમ ઉપનિષદો મનુષ્ય માત્રને બ્રહ્મજ્ઞાન પ્રયોજે છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ ઘણી શ્રુતિઓ ટાંકી એ જ્ઞાનની રહસ્યમય વાતો કહી છે.

# મહારાજ અને મુક્તોને વિષે ભેદ

શ્રી રાજ વકીલ, અમદાવાદ

આપણે અત્યાર સુધી જોયું કે શ્રીજીમહારાજનું અક્ષરબ્રહ્મ રૂપ જે તેજ તે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ જે મૂળઅક્ષર તે પર્યંત સર્વનું આત્મા, કારણ, આધાર અને નિયંતા છે અને શ્રીજીમહારાજ તે તેજના પણ કારણ, આધાર અને નિયંતા છે. તેમજ પોતાના સાધર્મ્યપણાને પામેલ, પુરૂષોત્તમરૂપ થયેલ, પરમએકાંતિક તથા અનાદિમુક્તોના પણ સ્વામિ, નિયંતા અને સુખદાતા અદ્વિતીય ભગવાન છે. ગઢડા પ્રથમના ૬૩માં રહસ્યાર્થના ૧૩માં પ્રશ્નોત્તરમાં બાપાશ્રીએ સ્પષ્ટ કર્યું કે શ્રીજીમહારાજનું સાધર્મ્યપણું પામેલા મુક્ત ધામમાં સેવામાં રહ્યા છે તે મુક્તોને, સ્વામીત્વપણું, દાતાપણું, નિયંતાપણું એ વિના બીજા રૂપ, ગુણ, લાવણ્યતા, સુંદરતા, સ્વતંત્રતા, ઐશ્વય, પ્રતાપ, સામર્થી, સુખદાયીપણું ઈત્યાદિક ગુણે સરખા જાણવા. પ્રથમના ૬૨માં વચનામૃત મુજબ જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે. પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે ને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશે સમર્થ થાય છે ને નિર્બંધ થાય છે. સારંગપુરના ૧૧માં વચનામૃત અને તેના રહસ્યાર્થમાં બાપાશ્રી કરેલ સ્પષ્ટતા મુજબ અહિંસાધર્મ, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, આત્મનિષ્ઠા અને વૈરાગ્ય એ પાંચ સાધન રૂપી પુરૂષ પ્રયત્ને કરીને જે ભક્ત આત્મસત્તા જે શ્રીજીમહારાજના મહાતેજરૂપ થાય છે અને તેના ઉપર જયારે પરમેશ્વરની કૃપા થાય છે ત્યારે એ ભગવાનના તુલ્યપણાને પામે છે. કહેતાં જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મે કરીને બંધાય નહિ. અને જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. ગઢડા મધ્યના ૨૨માં વચનામૃત મુજબ ‘‘જ્યારે ભગવાનના એ સાધુ ભગવાનના ધામને પામે છે, કહેતાં જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે ત્યારે અનંતકોટી બ્રહ્માંડના પતિઓ જેમ ભગવાનની પ્રાર્થના કરે છે તેમ એ મુક્તની પણ પ્રાર્થના કરે છે.’’ એમ શ્રીજીમહારાજે પોતાના મુક્તની મોટ્યપ પોતા જેવી કહી છે. ઈત્યાદિક ઉપરોક્ત વચનામૃતો મુજબ શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા મુક્તોની ઊપમા શ્રીજીમહારાજે પોતાના જેવી જ આપી છે. તેમ છતાં શ્રીજીમહારાજે પોતાની મોટ્યપ ગુણ, ઐશ્વર્ય, સામર્થ્ય, પ્રતાપ ઈત્યાદિક પોતાના મુક્તોની તુલનામાં વિશેષ કહ્યા છે તે જોઈએ. લોયાના ૧૩માં વચનામૃતમાં નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું છે કે અક્ષરધામને વિષે રહ્યા એવા શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા, નિર્ગુણ અને ચૈતન્યમય એવા મુક્તો અને શ્રીજીમહારાજને વિષે ભેદ કેમ સમજવો. તેના ઉત્તરમાં મહારાજે ચંદ્ર અને તારાની તુલના કરી સમજાવ્યું કે ચંદ્ર અને તારા પ્રકાશપણે સરખા નથી અને બિંબમાં પણ ઘણો ભેદ છે તેમજ સર્વે ઔષધીઓનું પોષણ ચંદ્રમા વતેજ થાય અને રાત્રીનો અંધકાર ચંદ્રમાંથી જ ટળે, તેમ મુમુક્ષુ જીવોરૂપી ઔષધીઓને માયાનો અંધકાર રૂપી રાત્રીનો અંધકાર ટાળવો તેમજ પોતાની મૂર્તિનું

સુખ આપવું તે રૂપી પોષણ તે શ્રીજીમહારાજ મુક્તદ્વારે આપે છે. તે મુક્તો શ્રીજીમહારાજને લીધા વિના સ્વતંત્રપણે સુખ આપવા કોઈ સમર્થ નથી. અર્થાત્ શ્રીજીમહારાજના સાધર્મ્યપણાને પામેલા અને જેના દ્વારા સંપૂર્ણ કર્તાપણું શ્રીજીમહારાજનું જ છે એવા પરમ એકાંતિક તથા અનાદિમુક્તો માટે ''શ્રીજીમહારાજ ને લીધા વિના સ્વતંત્રપણે સુખ આપવા કોઈ સમર્થ નથી.'' એ કલમ લાગુ પડતી જ નથી પરંતુ બાપાશ્રી એ સ્પષ્ટ કહે છે કે શ્રીજીમહારાજ જ એક કર્તા છે પણ મુક્તો સ્વતંત્રપણે કર્તા નથી. તેથી જ એજ વચનામૃતમાં મહારાજે પોતાને સર્વકર્તા, સર્વકારણ, સર્વનિયંતા, અતિ ''રૂપવાન'', અતિ ''તેજસ્વી'', અતિ ''સમર્થ'', કર્તુમ-અકર્તુમ અન્યથાકર્તુમ શબ્દો દ્વારા પોતાને મુક્તોથી પણ શ્રેષ્ઠ અને જુદા કીધા છે. તેથી બાપાશ્રીએ પ્રથમના ૧૪ના રહસ્યાર્થના ત્રીજા પ્રશ્નોત્તરમાં સ્પષ્ટ કર્યું કે ''સંત શ્રીજીમહારાજના દાસ છે અને શ્રીજીમહારાજ તો સંતના સ્વામી છે તે લોયાના-૧૩ના બીજા પ્રશ્નમાં, સર્વોપરી એવા જે અમે તે અમને ને બીજા અક્ષરાદિકને તથા મુક્તોને સરખા કહે છે તેને દુષ્ટ મતવાળા જાણવા ને અતિ પાપી જાણવા ને એવાના દર્શન કરે તો પંચ મહાપાપ જેવું પાપ થાય.'' ઈત્યાદિક વચનોથી સ્પષ્ટ કર્યું કે મુક્તોની બધી જ મોટ્યપ મહારાજને લઈને જ છે. ગઢડા મધ્યના ૬૭માં વચનામૃતના પ્રશ્નમાં પણ શ્રીજીમહારાજે સ્પષ્ટ કર્યું કે ભગવાનના ભક્ત બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે અને ભગવાનની જેમ સ્વતંત્ર છે. કાળ-કર્મ-માયાથી રહિત થાય છે અને ભગવાન સરખા રૂપ, સામર્થ્ય, ઐશ્વર્યાદિકને પામે છે. તેમ છતાં ભગવાનની સામર્થી, રૂપ, સુંદરપણું, ઐશ્વર્ય પ્રતાપ ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ, સુખદાયકપણું ઈત્યાદિક અનંત કલ્યાણકારી ગુણ તે તો તે મુક્તોને અતિશે અપાર દેખાય છે અને સદાય સ્વામિ-સેવકપણું રહે છે. ઈત્યાદિક વચનથી મહારાજ અને મુક્તોમાં ભેદ જણાવ્યો છે. ગઢડા અંત્યના ૩૭માં વચનામૃતમાં પણ મહારાજે જણાવ્યું છે કે ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર પણ ભગવાન જેવો જ છે તો પણ તે પુરૂષ છે અને ભગવાન પુરૂષોત્તમ છે ને તે સર્વે મુક્તોમાં શ્રેષ્ઠ છે અને એ ભગવાનના મહિમાનો કોઈ પાર પામતા નથી. તેથી જ મહારાજે છેલ્લાના ૧૬માં વચનામૃતમાં કહ્યું છે કે અમારા જેવી પ્રિતી તો અમારા મુક્તોને વિષે પણ ના કરવી તો બીજા કોઈ અવતારોને વિષે તો થાય જ કેમ? આ બધા વચનામૃતોમાં ભગવાનના ''ધામ''માં મુક્તો છે. તેમ કહેવાથી કેવળ પરમએકાંતિક મુક્તો સમજાય એવું બને. પરંતુ બાપાશ્રીએ સ્પષ્ટ કર્યું કે પંચાળાના ૭માં વચનામૃત મુજબ ધામ શબ્દ સ્થાન-વાચક, તેજ વાચક અને મૂર્તિ વાચક છે તેથી જ તે વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાને ધામ કહેલ છે. કેમકે અનાદિમુક્તો માટે શ્રીજીમહારાજની મૂર્તિ એજ ધામ છે. તેથી જ બાપાશ્રીએ મુક્તોનું ધ્યાન કરવાનો નિષેધ કર્યો છે. કેમકે મુક્તો સેવક છે. એટલે સેવક ગમે તેટલા સમર્થ હોય પણ તેમનું ધ્યાન ના થાય. અ.મુ. નારાયણમામા એ અમૃત સરિતામાં કહ્યું છે કે મુક્તો શ્રીજીમહારાજના જેવા સમર્થ કહેવાય પણ જેટલા સમર્થ ના કહેવાય. આ રીતે મહારાજ, બાપાશ્રી અને અન્ય મુક્તોએ મહારાજ અને મુક્તોને વિષે ભેદ સમજાવ્યો છે.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દ્રઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિશેષ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

| વચનામૃત | આત્મનિષ્ઠા | ભગવાનનું મહાત્મ્ય |
|---|---|---|
| ગ.પ્ર. ૧ | મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રાખવી. | ભગવાનની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. જેમ ચિંતામણીમાંથી જે જે પદાર્થ ચિંતવે તે પ્રાપ્ત થાય છે. તેમ મૂર્તિમાં અખંડવૃત્તિ રાખે તે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ એમના સ્વરૂપને દેખે છે....... ભગવાનનું મહાત્મ્ય યથાર્થ જાણ્યું નથી તેથી દેહના સંબંધી જેવી ગાઢ પ્રીતિ સત્સંગને વિષે થતી નથી. |
| ગ.પ્ર. ૭ | જીવને સ્થૂળ, સુક્ષ્મ અને કારણ દેહથી પૃથક સત્તા માત્ર સમજવો. | જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મ એ સર્વેથી પૃથક ભગવાનને બ્રહ્મજ્યોતિને વિષે સમજવા. |
| ગ.પ્ર. ૮ | હું બ્રહ્મ છું. હું આત્મા છું. | ભગવાન વિશ્વને સર્જે છે ને મનવાણીથી પર છે અને રામકૃષ્ણાદિકરૂપે કરીને જીવના કલ્યાણને અર્થે પ્રવર્તે છે. |
| ગ.પ્ર. ૯ | પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય હોય છતાં પોતાને પૂર્ણકામ ન માને ને અંતરમાં ન્યૂનતા રહે તે અજ્ઞાન છે. | પ્રત્યક્ષ ભગવાનને વિષે દ્રઢ નિષ્ઠા અને એના દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને ને બીજું કાંઈ ન ઈચ્છે, તેને ભગવાન બળાત્કારે ધામને વિશે પોતાના ઐશ્વર્ય આદિ બતાવે છે. |
| ગ.પ્ર. ૧૨ | ૨૪ તત્ત્વ, પ્રકૃતિ, પુરુષ ને કાળ તેના સ્વરૂપને જાણે તે જીવ અજ્ઞાન થકી મુકાય છે. | ભગવાન વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે અને ૨૪ તત્ત્વ, પ્રકૃતિ, પુરુષ, કાળના નિયંતા છે. એમ જાણે તેને સંસારમાં વૈરાગ્ય થાય અને ભગવાનની ભક્તિ થાય છે. |
| ગ.પ્ર. ૧૪ | ભગવાનનો દાસ હોય તે દેહને મિથ્યા જાણે અને પોતાના આત્માને સત્ય જાણે. | જેને ભગવાનની સાક્ષાત પ્રાપ્તિ થઈ છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ તેનું અકલ્યાણ થાય નહીં. |
| ગ.પ્ર. ૧૫ | પોતાને પૂર્ણકામ માનીને સંકલ્પને ખોટા કરતા રહેવું અને ભગવાનનું ધ્યાન કરવું. | ભગવાનનો મોટો મહિમા સમજીને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતા રહેવું. ૫/૨૫/૫૦/૧૦૦ વર્ષ કહેતા આજીવન આ કરવું. પણ એ સ્વરૂપ ધારવું મૂકવું નહીં. |
| ગ.પ્ર. ૧૬ | દેહ, ઈન્દ્રીયો, મન, પ્રાણ આદિ અસત્ય છે અને આત્મા તે તો તેનો જાણનારો ને | પરમેશ્વરને વિષે કોઈ અવગુણ ભાસે જ નહી અને જે વચન કહે તેને સત્ય માને પણ સંશય કરે નહીં. |

| | | |
|---|---|---|
| | સત્ય છે. | |
| ગ.પ્ર. ૧૮ | પંચ ઈન્દ્રીયોના આહાર શુદ્ધ કરશે તેનું અંતઃકરણ શુદ્ધ થાશે અને અંતઃકરણ શુદ્ધ થશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. | અનંત મુક્ત થઈ ગયા અને અનેક થાશે તેમાં ઉપાધીમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થાશે નહીં. ઉપાધીમાં રહીને નિર્લેપ તો એક ભગવાન જ રહી શકે. |
| ગ.પ્ર. ૨૦ | પોતે પોતાના રૂપને જાણતો નથી એજ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે. નીચમાં નીચ છે. મૂર્ખમાં મૂર્ખ છે. | ભગવાનના પ્રતાપને વિચારીને અંતરદૃષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશે ઉજ્જ્વળ પ્રકાશમાન જુએ છે ને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે. |
| ગ.પ્ર. ૨૧ | દેહ, ઈન્દ્રીયો, અંતઃકરણ દેવતા વિષય તેમજ દેહ-ગેહ આદિક સર્વે પદાર્થને અસત્ય જાણી એ સર્વેથી પોતાનું સ્વરૂપ જુદુ સમજવું અને ધર્મમાં રહી ભગવાનની નિષ્કામ ભક્તિ કરવી. | ભગવાનનો મહિમા એમ સમજવો જે અનંતકોટી મુક્ત પુરુષોત્તમના દાસભાવે વર્તે છે, તે પુરુષોત્તમનારાયણ તે સર્વેના સ્વામી છે ને અનંત કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે......... અને આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે જે પશુનું પણ કલ્યાણ થાય છે તો મનુષ્યનું કલ્યાણ થાય એમાં શું આશ્ચર્ય છે. |
| ગ.પ્ર. ૨૩ | જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ એ ત્રણ અવસ્થા અને સ્થૂળ-સૂક્ષ્મ કારણ એ ત્રણ દેહથી પર ચૈતન્ય એવું પોતાનું સ્વરૂપ માને અને તે સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિને ધારીને ભજન કરે તેને પ્રકાશને મધ્યે ભગવાનની મૂર્તિ જેવી પ્રગટ પ્રમાણ છે તેવી અતિશે પ્રકાશે યુક્ત ભાસે. | જેના ભજને કરીને હું પણ દોષ રહિત થયો એવા જે ભગવાન તેને વિષે તો કોઈ માયીક દોષ હોય જ કેમ? (શુકજીએ રાસ પંચાધ્યાયની વાત પરિક્ષિતને કહી એ સંદર્ભમાં) |
| ગ.પ્ર. ૨૪ | મૂર્તિને વિષે અખંડ સ્મૃતિ રાખવે કરીને એકરસ ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ દેખાય છે..... અંતઃકરણ સુનુ રહે છે તેનું શું કારણ? તો તેને સાધનનું બળ છે. નિશ્ચય અને આત્મજ્ઞાનનું બળ નથી. | જયારે ભગવાનનો યથાર્થ નિશ્ચય થાય છે ત્યારે ભૂંડા-ઘાટ માત્ર ટળી જાય છે. એ ભગવાનનું સ્વરૂપ તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે ને વિકારે રહિત છે. પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. અને એ સ્વરૂપને વિષે એકેય દોષ નથી. અતિશય નિર્દોષ છે. અને ભગવાનને જે એવા નિર્દોષ જાણે છે તે પણ નિર્દોષ થઈ જાય છે. |
| ગ.પ્ર. ૨૫ | જે પોતાનું સ્વરૂપ આત્મા ન જાણે ને દેહ માને તો તેને ઘણી કાચ્યપ રહી જાય છે. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવો. | ભક્તની ચિતવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને આષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો. માટે એવો ભગવાનનો મહિમા તેને મૂકીને એકલું સાધનનું બળ લે છે તેને કોઈ રીતે અંતરમાં સુખ રહેતું નથી. |

ક્રમશઃ

# કેળવણી

## રમત-ગમતનો અહેવાલ

તા. ૫-૦૮-૨૦૨૩ને શનિવારના રોજ શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ રમત-ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબુ ચમચી, ખોખો, દોડ જેવી રમતો રાખવામાં આવી હતી. તેમાં ધો. ૬થી ધો. ૧૦ના દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌ પ્રથમ ધો. ૬ની દોડની હરિફાઈ કરવામાં આવી હતી. જેમાં જરૂ રુદ્ર પ્રથમ આવ્યો હતો. ત્યારબાદ ધો. ૭ની દોડની હરિફાઈ કરવામાં આવી હતી. જેમાં કોઠીવાર વૈભવ પ્રથમ આવ્યો હતો. ત્યારબાદ લીંબુ ચમચીની હરિફાઈ યોજવામાં આવી હતી. જેમાં ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ ધો. ૬ થી દસના તમામ વિદ્યાર્થીઓને ઊભી ખો રમાડવામાં આવી હતી.શાળાના દરેક શિક્ષકો તથા શિક્ષિકા બહેનોએ પણ આ પ્રવૃત્તિમાં ઉત્સાહ દાખવ્યો હતો. સૌ વિદ્યાર્થીઓને ખુબ મજા પડી હતી. તેઓ બધાજ આ સ્પર્ધામાં હતા અને આઉટ થઈ જતાં તે બીજા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. આમ, દરેક વિદ્યાર્થીઓએ રસપૂર્વક આ પ્રવૃતિ પૂર્ણ કરી હતી. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય શ્રી ડૉ. શૈલેષભાઈ એમ. પટેલ સાહેબે વિજેતા થનાર તથા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા તેમજ આંતરિક શક્તિઓનો વિાસ થાય તે માટે પ્રોત્સાહન પણ આપ્યું હતું.

## G20 'કલા ઉત્સવ' અહેવાલ

તા.૨૨-૦૮-૨૦૨૩ને મંગળવારના રોજ ભારત સરકારના G20 સમિટ અંતર્ગત કલા ઉત્સવ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની થીમ G20 વસુધૈવ કુટુંબકમ – One Earth. One Family. One Future હતી. જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલી કલા પ્રત્યેની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરી થીમને અનુરૂપ સમગ્ર વિશ્વ મારો પરિવાર છે તે ભાવનાને સિદ્ધ કરવાનો હતો. આ કલા ઉત્સવમાં ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત – ગાયન તથા વાદન જેવી સ્પર્ધાઓ QDC – કક્ષાએ યોજવામાં આવી હતી. QDC – કેરા અંતર્ગત આવતી કુલ દસ શાળાઓમાંથી કેરા હાઈસ્કૂલના આચાર્યશ્રી નીરજભાઈ શેઠિયાના સૂચનથી અમારી શાળા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ – બળદિયાની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુલ નવ શાળાઓમાંથી કુલ છપ્પન વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે સંસ્થાના પ્રમુખશ્રી ગોવિંદબાપા, ટ્રસ્ટી શ્રી કલ્યાણભાઈ વેકરીયા તથા અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશી તેમજ સુરજપર શાળાના આચાર્ય શ્રી એલ.કે. યાદવ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ પધારેલા મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. તેઓનું સ્વાગત ફૂલહારથી કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબે પધારેલા મહેમાનો તેમજ દરેક શાળામાંથી આવેલા શિક્ષકો તથા વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ કલા ઉત્સવ કાર્યક્રમ વિષે તથા તેને અનુલક્ષીને સ્પર્ધાઓની માહિતી આપી હતી. ત્યારબાદ ટ્રસ્ટીશ્રી કલ્યાણભાઈ વેકરીયાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. સ્પર્ધાઓની શરૂઆત કરતા પહેલા હળવો નાસ્તો આપવામાં આવ્યો હતો. સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે તજજ્ઞ શિક્ષકો નીમવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીએ ખૂબ જ ઉત્સાહભેર અને હોશભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે શ્રી યાદવ સર તથા ડૉ. એસ.એમ. પટેલના હસ્તે દરેક સ્પર્ધાના પ્રથમ ૩ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓના નામની જાહેરાત અભિનંદન સહ કરવામાં આવી હતી. આ સમગ્ર કલા ઉત્સવને સફળ બનાવવામાં બંને માધ્યમના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓનો અમૂલ્ય ફાળો રહેલો હતો. શાળા પરીવાર વતી સૌનો આભાર વ્યક્ત શાળાના શિક્ષિકા શ્રીમતિ જીનીબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. તથા બહારથી આવેલ શિક્ષકોને પ્રસાદી અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન અને વ્યવસ્થાપન કાર્ય માધ્યમિક વિભાગના શિક્ષક શ્રી ઉત્તમભાઈ તન્નાએ કર્યું હતું. અંતે કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

## ગીત સ્પર્ધાનો અહેવાલ

તા. ૨૬-૦૮-૨૦૨૩ને શનિવારના રોજ શાળાના આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન

હેઠળ ઈત્તર પ્રવૃત્તિના ભાગરૂપે ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષક/શિક્ષિકા શ્રી રાજેશભાઈ પટેલ શ્રીમતિ કોમલબેન પટેલ તથા શ્રીમતિ અંકિતાબેન માકાણીએ કર્યું હતું. આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી કલા બહાર લાવવાનો હતો. તેમાં ધો. ૬ થી ૧૦ના કુલ ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ભજન, લોકગીત, ધૂન, દેશભક્તિગીત, પ્રાર્થના જેવા ગીતો રજૂ કર્યા હતા. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ગીત રજૂ કર્યા હતા તેમજ ભાગ ન લેનાર વિદ્યાર્થીઓએ તાળીઓના ગડગડાટથી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. અંતે ધો. ૬ થી ૮માં તથા ધો. ૯ ને ૧૦માં એમ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. અંતમાં શાળાના આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબે વિજેતા થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ આવી અવનવી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહે તેવી પ્રેરણા પૂરી પાડી હતી.

## શ્રી ઘનશ્યામ એકેડેમીમાં 'Say No To Strangers' - Learning Activityનું આયોજન કરાયું

તા. ૧૦-૦૮-૨૦૨૩ના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી બહેન જોષીના માર્ગદર્શન હેઠળ 'Say No To Strangers' - Learning Activityનું આયોજન કરાયું હતું. જેમાં K.G Sectionના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ Activityમાં બાળકોને શિક્ષકો દ્વારા માસ્ક પહેરી પોતાની ઓળખાણ છુપાવી બાળકોને ચોકલેટ, રમકડા, વેફર જેવી વસ્તુ આપી બાળકને ભોળવીને પોતાની સાથે લઈ જવામાં આવ્યા હતા અને સમજાવવામાં આવ્યું હતું કે કોઈ અજાણ્યા માણસ આપણને વસ્તુ આપે તો લલચાઈને સાથે જવું નહીં અને વસ્તુ લેવી નહીં. આ Activityનો મુખ્ય હેતુ એ રહ્યો હતો કે બાળકો ચોકલેટ, વેફર જેવી વસ્તુઓને જોઈને અથવા લઈને લલચાય નહીં અને પોતાનો જીવ જોખમમાં મૂકે નહીં.

## ૧૫મી ઓગષ્ટ ૨૦૨૩ના ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ અમારી શાળાના પટાંગણમાં શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ ૭૭મો સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી. શાળાની પરંપરા અનુસાર આવેલ તમામ મહેમાનોનો શાળાના ટ્રસ્ટી શ્રી ગોવિંદભાઈ વેકરીયા શિક્ષણના માર્ગદર્શક શ્રી કલ્યાણભાઈ વેકરીયા બી.કે. પટેલ સાહેબ તથા મુખ્ય મહેમાન શ્રી દિનેશભાઈ કળથીયાનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. મુખ્ય મહેમાન શ્રી દિનેશભાઈ કળથીયાના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. ત્યારબાદ ધ્વજને સલામી, રાષ્ટ્રગાન અને દેશભક્તિના નારા લગાવવામાં આવ્યા. ધ્વજવંદન તેમજ નારાનો સંપૂર્ણ કાર્યક્રમનો દોર ધો. ૧૦ના વિદ્યાર્થી કંસારા મયંક અને ધોળું અક્ષત દ્વારા સંભાળવામાં આવ્યો હતો. ત્યારબાદ ધો. ૯ના વિદ્યાર્થીઓએ ડમ્બેલ્સ કદમતાલ સાથે રજૂ કર્યા હતા. કાર્યક્રમને આગળ વધારતા ધો. ૧૦ના વિદ્યાર્થી નિકુલ મુંધવાએ "મેરા ભારત મહાન" વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ ધો. ૬ થી ૮ની વિદ્યાર્થીનીઓ દ્વારા એક થીમ ડાન્સ "મે નયે ભારત કા ચહેરા હું" પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને નિહાળી બી.કે. પટલે સાહેબે પ્રસંગને અનુરૂપ પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ ધો. ૬ થી ૯ના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પિરામિડ કરી અને ભારત માતાકી જયના નારા લગાવ્યા હતા. બાળકોના ઉત્સાહમાં વધારો કરવા શિક્ષણના માર્ગદર્શક શ્રી કલ્યાણભાઈ વેકરીયાએ પોતાના વક્તવ્યમાં મહાન ભારતના ૫૦૦૦ વર્ષ જુના ઈતિહાસથી આજ દિન સુધીની વાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી માધ્યમના શિક્ષક શ્રી વિજયભાઈ ડોડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન શાળાના નોલેજ હાઉસ તરફથી કરવામાં આવેલ. જેમાં શાળાના શિક્ષિકાઓ દક્ષાબેન રાઘવાણી, પ્રિયશીબેન વાલાણી તેમજ ભૂમિબેન ગોરે જહેમત ઉઠાવી હતી. તેમજ આ સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશી, સમગ્ર શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો. અંતે આવેલ તમામ મહેમાનોનો સંસ્થા પરિવાર વતી આભાર વ્યક્ત કરી અને સમગ્ર વિદ્યાર્થીઓ તેમજ મહેમાનોને પ્રસાદી આપી કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટેની પ્રથમ વાલી મીટીંગ યોજાઈ

તા. ૧૯-૦૮-૨૦૨૩ને શનિવારના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ જુલાઈ માસની પ્રથમ એકમ કસોટીનું પરિણામ, મધર ટેરેસા ચિલ્ડ્રન્સ ડેવલપમેન્ટ સોસાયટી ઔરંગાબાદ દ્વારા યોજાયેલ નેશનલ ડ્રોઈંગ એન્ડ હેન્ડરાઈટિંગ કોમ્પિટિશન ૨૦૨૨નું પરિણામ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટેની પ્રથમ વાલી મીટીંગ આમ ત્રિવેણી સંગમ સમાન કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

શાળાના પ્રાર્થના હોલમાં શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટરના પ્રમુખશ્રી ગોવિંદભાઈ વેકરીયા, ખજાનચી શ્રી કેસરાભાઈ વેકરીયા, સંસ્થાના શૈક્ષણિક માર્ગદર્શક શ્રી કલ્યાણભાઈ વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં તથા બંને માધ્યમના આચાર્યશ્રીઓ, સર્વે ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફ, હાજર વાલીશ્રી તથા શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનોની ઉપસ્થિતિ વચ્ચે સકારાત્મક માહોલમાં વાલી મીટીંગનું આયોજન હાથ ધરાયું હતું.

વાલી મીટીંગમાં સંસ્થા શાળા પરિવાર તથા વાલીશ્રીઓ વચ્ચે સકારાત્મક સૂચનોની આપે-લે માટેનો સેતુ રચાયો હતો. સૌ પ્રથમ મધર ટેરેસા ચિલ્ડ્રન ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા યોજાયેલ સ્પર્ધામાં કોનસોલેશન પ્રાઈઝ વિનર ડ્રોઈંગ કોમ્પીટીશનમાં રાષ્ટ્રીય કક્ષાએ તૃતીય ક્રમાંકે આવેલ ધો. ૯માં અભ્યાસ કરતા વેકરીયા આશિષ હરીશભાઈનું વિશેષ સન્માન સાથે આ સ્પર્ધામાં અલગ અલગ કેટેગરીમાં ઉત્તીર્ણ થયેલ તેમજ ભાગ લેનાર વિદ્યાર્થીઓનું મેડલ તેમજ પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના ધો. ૧થી ૧૦માં વર્ગ દીઠ ''સ્ટુડન્ટ ઓફ ધ યર'' જાહેર કરી સન્માન કરાયું હતું. બાદ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશી દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોને સ્પર્શતા અભ્યાસ, સંસ્કાર, સ્વચ્છતા વિશેના સૂચનો કરાયા હતા. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ વેકરીયા તેમજ શૈક્ષણિક માર્ગદર્શક શ્રી કલ્યાણભાઈ વેકરીયા દ્વારા અમૂલ્ય ઉપયોગી સૂચનો આપી સંસ્થા તરફથી સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા દિવ્યાબેન જોશી અને પ્રિયશીબેન વાલાણીએ કર્યું હતું. તથા આભાર વિધિ શાળાના શિક્ષક દેવરાજ સૌચેટાએ કરી હતી. અંતમાં પ્રથમ એકમ કસોટીનું પરિણામ જે તે વર્ગના વર્ગ શિક્ષકો દ્વારા વર્ગમાં જાહેર કરી અભ્યાસને લગતી ઉણપ અંગે વિદ્યાર્થીઓના વાલીઓને માહિતગાર કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સર્વે શિક્ષકોનો સહયોગ સાંપડયો હતો.

## ગુડ હેન્ડરાઈટિંગ કોમ્પિટિશન

તા. ૨૯-૦૮-૨૦૨૩ના રોજ શાળાના આચાર્યાશ્રી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ ગુડ હેન્ડરાઈટિંગ કોમ્પિટિશન (સુવાચ્ય અક્ષરોની સ્પર્ધા)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં ફકરો લખી અને બાળકોએ એકથી ત્રણ નંબર પ્રાપ્ત કર્યા હતા. જેમાં પ્રથમ નંબરે નોલેજ હાઉસ બીજા નંબરે જીનિયસ અને એક્સીલન્સ હાઉસ અને ત્રીજા નંબરે ઈન્ટેલિજન્સ હાઉસ ગયા હતા.

આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકો વિરામચિહ્ન પ્રત્યે જાગૃત બને અને અક્ષરમાં સુધાર લાવવાનો પ્રયત્ન કરે એ રહ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નોલેજ હાઉસના શિક્ષકો ડોડિયા વિજય, ગોર ભૂમિ અને રાઘવાણી દક્ષાએ પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપ્યું હતું.

## મૂર્તિ સુખે સુખી થયા

- બાપાશ્રીના પરપૌત્ર શ્રી સામજીભાઈ હરજીભાઈ મનજીબાપા ઉ.વ. ૮૪ તા. ૨૪-૦૮-૨૦૨૩ના રોજ મૂર્તિ સુખે સુખીયા થયા છે.
- બાપાશ્રીના બહેનના પરપૌત્ર શ્રી ધનજીભાઈ નારાણભાઈ ભોજાણી ઉ.વ.૭૩ તા. ૨૫-૦૮-૨૦૨૩ના રોજ મૂર્તિ સુખે સુખીયા થયા છે.

આ બન્ને મુક્તોએ છતેડીધામની તન-મન-ધનથી ખૂબ સેવા કરી છે અને મોટા મુક્તોનો રાજીપો મેળવ્યો છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**


પ્રકૃતિનાં કાર્યમાંથી પ્રિતી ટાળીને પ્રત્યક્ષ ભગવાન સ્વરૂપ સંતમાં જે દિવ્યભાવે જોડાય છે એ જ યોગ્ય માર્ગે ચાલ્યો જાણવો.

## અ.મુ.શ્રી રામકૃષ્ણભાઈ સોમૈયા શ્રધ્ધાંજલિ સભા - છતેડીધામ



## કલા ઉત્સવ : શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ - છતેડી



## વાલી મિટીંગ તથા એવૉર્ડ સેરેમની - શ્રી ઘનશ્યામ એકેડેમી



MURTI, Gujarati, Monthly, September, Year 20, Issue - 09
RNI No. GUJGUJ/2004/52455 Published on 11-09-2023

MURTI

Posted at Bhuj Shorting Office on Date 13th of Every Month
Postal Registration No. GKCH-173 / 2022-24

# ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી












Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria